



# એશિયન પેરા ગેમ્સ 2026નો ભવ્ય પ્રારંભ

**પેરા-**બેડમિન્ટન સ્ટાર પ્રમોદ ભગત અને પેરા-એથ્લેટ સિમરન શર્માએ ત્રિરંગા સાથે દળનું નેતૃત્વ કર્યું

**ભારતીય** દળે દેશની 5000 વર્ષ જૂની સંસ્કૃતિ અને વિરાસત દર્શાવી

**જાપાનના** સમ્રાટ નારુહિતોએ રમતો ખુલ્લી મુકાવાની ઘોષણા કરી

24 ઓક્ટોબર સુધી ચાલનારી આ સ્પર્ધામાં 18 પેરા રમતોમાં કુલ 492 મેડલ ઈવેન્ટ્સ યોજાશે

નાગોયા, તા. 18: આઈચી-નાગોયા ખાતે પાંચમી એશિયન પેરા ગેમ્સનો રવિવારે રંગારંગ ઉદ્ઘાટન સમારોહ સાથે પ્રારંભ થયો હતો. જાપાનના સમ્રાટ નારુહિતોએ આ રમતોને સત્તાવાર રીતે ખુલ્લી મુકાવાની ઘોષણા કરી હતી.

24 ઓક્ટોબર સુધી ચાલનારા આ મહાકુંભમાં એશિયાના તમામ 45 દેશોના આશરે 3,000 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ઉદ્ઘાટન સમારોહમાં ત્રણ પેરાલિમ્પિયન્સ - મોમોકા મુરાઓકા, માયા નાકાનિશી અને કાત્સુમી મિયાકે સાથે મળીને મિઝુહો સ્ટેડિયમમાં મશાલ પ્રગટાવી હતી.

ઉદ્ઘાટન સમારોહ 'ઈમેજિન વન હાર્ટ'ની થીમ પર આધારિત હતો, જેમાં જાપાની સંગીત અને પરંપરાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં 'કોનોહા' નામના ઘુવડ અને તેની મિત્ર 'મોરી'ની વાર્તા રજૂ કરાઈ હતી. ભારતીય દળનું નેતૃત્વ પેરા-બેડમિન્ટન સ્ટાર પ્રમોદ ભગત અને પેરા-એથ્લેટ સિમરન શર્માએ ત્રિરંગા સાથે કર્યું હતું.

આ વખતે ભારતના 281 સભ્યોનું દળ (168 ખેલાડીઓ: 112 પુરુષો અને 56 મહિલાઓ) 11 વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યું છે. 24 ઓક્ટોબર સુધી ચાલનારી આ સ્પર્ધામાં 18 પેરા રમતોમાં કુલ 492 મેડલ ઈવેન્ટ્સ યોજાશે.

### ભારતીય દળની પોશાકે બધાનું ધ્યાન આકર્ષ્યું

ઓપનિંગ સેરેમનીમાં ભારતીય દળની પોશાકે બધાનું ધ્યાન આકર્ષ્યું હતું જે ભારતની 5000 વર્ષ જૂની સંસ્કૃતિ અને સમૃદ્ધ વિરાસતથી પ્રેરીત થઈને ડિઝાઈન કરાઈ હતી. ભારતીય ખેલાડીઓએ ઘેરા વાદળી રંગના બ્લેઝર પહેર્યા હતા, જેના પર સિંધુ ખીણની પ્રાચીન સંસ્કૃતિથી પ્રેરિત પ્રાચીન 'ડાન્સિંગ ગર્લ' અને સીલના ચિહ્નો હતા. બ્લેઝરના ખિસ્સા પર ત્રિરંગો અને કોલર પર કોલર પર સાત નદીઓ અને મહાન સરસ્વતી નદીની પવિત્ર ભૂમિ 'સપ્તસિંધુ'ને સન્માન આપતો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## શંઘાઈ માસ્ટર્સ: ડેવિડોવિચ ફોકિનાએ ટાઈટલ જીત્યું

**ફોકિનાએ** પોતાના કરિયરની સૌથી મોટી જીત સાથે આ વર્ષનું ત્રીજું ટાઈટલ પોતાના નામે કર્યું



શંઘાઈ, તા. 18 (એપી): સ્પેનના અલેહાન્દ્રો ડેવિડોવિચ ફોકિનાએ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ વળતો પ્રહાર કરીને રવિવારે શંઘાઈ માસ્ટર્સની ફાઇનલમાં રાફેલ જોડારને 1-6, 7-6 (5), 6-4થી પરાજય આપ્યો હતો. આ સાથે જ તેણે પોતાના કરિયરની સૌથી મોટી જીત સાથે આ વર્ષનું ત્રીજું ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

25મી સીડ સ્પેનિશ ખેલાડીએ આ અગાઉ તેની કરિયરની પ્રથમ પાંચ ફાઇનલ ગુમાવી હતી. જોકે, આ વર્ષે જૂનમાં મલોર્કા અને ગયા મહિને ચેંગદુ ઓપનમાં પણ તેણે ખિતાબ જીત્યા હતા.

20 વર્ષીય સ્પેનિશ રમતવીર રાફેલ જોડારે પ્રથમ સેટમાં દબદબો બનાવી રાખ્યો હતો, પરંતુ સેમિફાઇનલમાં એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે કમબેક કર્યું હતું તેમ જ ફોકિનાએ અહીં પણ પોતાની ગતિ અને શાનદાર રમતથી પુનરાગમન કર્યું હતું.

## વરસાદ પ્રભાવિત ટેસ્ટમાં દ. આફ્રિકાની ઓસ્ટ્રેલિયા સામે ખરાબ શરૂઆત

ગ્કેબેરા (દ. આફ્રિકા), તા. 18 (એપી): ગ્કેબેરા ખાતે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શરૂ થયેલી બીજી ટેસ્ટ મેચનો પ્રથમ દિવસ વરસાદથી ધોવાઈ ગયો હતો. પ્રથમ દિવસે માત્ર 12.2 ઓવરની રમત શક્ય બની હતી, જેમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમે દિવસના અંતે 20 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. વરસાદના કારણે રમત મોડી શરૂ થયા બાદ ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર સ્કોટ બોલેન્ડે શાનદાર બોલિંગ કરી સળંગ બે બોલમાં બે વિકેટ ઝડપી હતી. તેણે એઇડન મારક્રમને 11 રને બોલ્ડ કર્યા બાદ ડેવિડ બેડિંગહામને શૂન્ય રને કેચ આઉટ કરાવ્યો હતો. દિવસના અંતે પદાર્પણ કરનાર માર્ક્સ એકરમેન 5 રને અને કેપ્ટન તેમ્બા બવુમા 4 રને રમતમાં હતા.

# ઝિમ્બાબ્વેને હરાવી ભારતીય મહિલા ટીમની T20 સિરીઝમાં અજેય સરસાઈ

**ઝિમ્બાબ્વેની** ટીમને 102 રનમાં સીમિત કર્યા બાદ શેફાલી અને કેપ્ટન સ્મૃતિ મંધાનાની આક્રમક બેટિંગ

**ઓફ-**સ્પિનર નિકી પ્રસાદે 7 રન આપીને 2 વિકેટ ઝડપી



રાયપુર, તા. 18 (પીટીઆઈ): રાયપુર ખાતે રમાયેલી બીજી મહિલા T20 મેચમાં ઓપનર શેફાલી વર્મા અને કેપ્ટન સ્મૃતિ મંધાનાના શાનદાર પ્રદર્શનની મદદથી ભારતે બિનઅનુભવી ઝિમ્બાબ્વેને 9 વિકેટે હરાવીને 3 મેચની સિરીઝમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. આ જીત સાથે સ્મૃતિ મંધાનાએ પોતાની ફુલ-ટાઈમ કેપ્ટન્સીની શરૂઆત શાનદાર સિરીઝ વિજય સાથે કરી છે.

ઝિમ્બાબ્વેએ આપેલા 103 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે માત્ર 8.5 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક સર કરી લીધો હતો.

અગાઉ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ ભારતીય બોલરો સામે ક્યારેય રન ગતિ વધારી શકી ન હતી. પાવરપ્લે ઓવરોમાં ઝિમ્બાબ્વે માત્ર 20 રન જ બનાવી શકી હતી ટીમ નિર્ધારિત ઓવરોમાં 8 વિકેટે 102 રનનો સામાન્ય સ્કોર બનાવી શકી હતી.

લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી શેફાલી વર્માએ માત્ર 25 બોલમાં 55 રનની તોફાની ઈનિંગ રમી હતી, જે તેની T20 કારકિર્દીની 22મી અડધી સદી હતી.

## ઈન્ટર મિયામીનો એટલાન્ટા યુનાઈટેડ સામે વિજય, મેસીના બે ગોલ

**મેસી** MLSની સતત ત્રણ સીઝનમાં 15 કે તેથી વધુ આસિસ્ટ કરનાર પ્રથમ ખેલાડી બન્યો



અટલાંટા, તા. 18 (એપી): લિયોનેલ મેસીના શાનદાર પ્રદર્શન અને બે ગોલની મદદથી ઈન્ટર મિયામીએ MLSમાં એટલાન્ટા યુનાઈટેડને 3-1થી પરાજય આપ્યો હતો. પ્રથમ હાફની અંતિમ મિનિટોમાં મેસી અને લુઈસ સુઆરેઝના આસિસ્ટની મદદથી જર્મન બર્ટેરામે ગોલ કરીને મિયામીને 1-0ની સરસાઈ અપાવી હતી.

આ સાથે મેસીએ સીઝનનો 15મો આસિસ્ટ નોંધાવીને રેકોર્ડ બનાવ્યો હતો; તે સતત ત્રણ સીઝનમાં 15 કે તેથી વધુ આસિસ્ટ કરનાર લીગ ઈતિહાસનો પ્રથમ ખેલાડી બન્યો છે.

ત્યારબાદ બીજા હાફમાં મેસીએ 56મી અને 60મી મિનિટે ચાર મિનિટના ગાળામાં બે ગોલ ફટકારીને સ્કોર 3-0 કરી દીધો હતો.

એટલાન્ટા તરફથી ફાફા પિકાઉલ્ટે 89મી મિનિટે પેનલ્ટી કિક પર એકમાત્ર ગોલ નોંધાવ્યો હતો.

મેસીએ ગત સિઝનમાં 29 ગોલ સાથે ગોલ્ડન બૂટ એવોર્ડ જીત્યો હતો. તે અને જોસેફ માર્ટિનેઝ લીગ ઈતિહાસના માત્ર એવા બે ખેલાડી છે જેમણે નિયમિત સિઝનમાં બે વખત ઓછામાં ઓછા 25 ગોલ કર્યા છે.

## પાકિસ્તાનની શ્રીલંકાને હરાવી ત્રિ-કોણીય સિરીઝમાં વિજયી શરૂઆત

રાવલપીંડી, તા. 18 (એપી): રાવલપિંડી ખાતે રમાયેલી ત્રિ-કોણીય વન-ડે સિરીઝની પ્રથમ મેચમાં સલમાન અલી આગાની શાનદાર સદી અને બોલરોના શાનદાર પ્રદર્શનની મદદથી પાકિસ્તાને શ્રીલંકાને 37 રને હરાવી વિજયી શરૂઆત કરી છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમે સલમાન અલી આગાના 90 બોલમાં 107 રનની મદદથી 49.5 ઓવરમાં 305 રન બનાવ્યા હતા. શ્રીલંકા તરફથી ઈશાન મલિંગાએ 46 રનમાં 4 વિકેટ ઝડપી હતી. 306 રનના લક્ષ્યાંકના જવાબમાં ભારે ઝાકળ વચ્ચે પણ પાકિસ્તાની ફાસ્ટ બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. શ્રીલંકા તરફથી પવન રત્નાયકે (79) અને જનિથ લિયાનાગે (60) વચ્ચે 119 રનની ભાગીદારી થઈ હતી, પરંતુ શ્રીલંકાની ટીમ 48.1 ઓવરમાં 268 રને ઓલઆઉટ થઈ ગઈ હતી.

## રણજી રાઉન્ડ અપ

### ગ્રુપ A: બરોડા સામે બિહાર 166માં ઓલઆઉટ; રિંકુ સિંહની અણનમ સદીથી યુપીનો બચાવ

કાનપુર, તા. 18 (પીટીઆઈ): રણજી ટ્રોફીમાં ગ્રુપ-\RAની મેચમાં બિહાર સામે બરોડાએ મજબૂત પકડ બનાવી છે. બિહારની ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 166 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના જવાબમાં પ્રથમ દિવસના અંતે બરોડાએ 3 વિકેટે 77 રન બનાવી લીધા હતા.

અન્ય મેચમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીરની ટીમ વિદર્ભ સામે પ્રથમ બેટિંગ કરતા 82.5 ઓવરમાં 260 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

બીજી બાજુ, ઉત્તર પ્રદેશની શરૂઆતી બેટિંગ ખોરવાઈ ગયા બાદ રિંકુ સિંહે અણનમ 118 રનની શાનદાર સદી ફટકારીને ટીમને સંકટમાંથી ઉગારી હતી અને યુપીનો સ્કોર 202 રન સુધી પહોંચાડ્યો હતો. દિવસના અંતે ગોઆએ વિના વિકેટે 43 રન બનાવી લીધા હતા.

### ગ્રુપ B: ગિલ માત્ર 1 રને આઉટ, સહારનની સદીએ પંજાબને ઉગાર્યું

**સૌરાષ્ટ્ર** સામે કર્ણાટકના 8 વિકેટે 281 રન



મુલ્લાંપુર, તા.18 (પીટીઆઈ): ઘરેલુ ક્રિકેટમાં વાપસી કરી રહેલા ભારતીય કેપ્ટન શુભમન ગિલનું પુનરાગમન નિરાશાજનક રહ્યું હતું. તે માત્ર 5 બોલ રમીને ઓફ સ્પિનર અજય મંડલના બોલ પર 1 રને ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. ગિલની આ નિષ્ફળતા ભારતીય ટીમ માટે નિરાશાજનક છે કારણ કે ટૂંક સમયમાં ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડના પ્રવાસે જવાની છે. જોકે, કેપ્ટન ઉદય સહારનની અણનમ 106 રનની સદી અને પ્રભસિમરન સિંહના 62 રનની મદદથી પંજાબે છત્તીસગઢ સામે પ્રથમ દિવસે 4 વિકેટે 269 રન બનાવી લીધા હતા. બીજી તરફ આલૂરમાં, સૌરાષ્ટ્ર સામેની મેચમાં કર્ણાટકની ટીમ એક સમયે 194 રનમાં 8 વિકેટ ગુમાવી ચૂકી હતી. જયદેવ ઉનડકટ અને પાર્થ ભૂટે 3-3 વિકેટ ઝડપીને સૌરાષ્ટ્રને મજબૂત પકડ અપાવી હતી.

પરંતુ મનવંત કુમારે અણનમ 86 રનની ઈનિંગ્સ રમીને કર્ણાટકનો સ્કોર પ્રથમ દિવસના અંતે 8 વિકેટે 281 રન સુધી પહોંચાડ્યો હતો.

### ગ્રુપ-C: પ્રિયાંશ આર્યના 199 રન સામે ગુજરાતના બોલરો મુશ્કેલીમાં

**પ્રિયાંશ** 1 રનથી બેવડી સદી ચુક્યો



નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): રણજી ટ્રોફી એલિટ ગ્રુપ-Cમાં દિલ્હી સામેની મેચના પ્રથમ દિવસે ગુજરાતના બોલરો મુશ્કેલીમાં મુકાયા હતા. દિલ્હીએ પ્રિયાંશ આર્યના 199 રન અને કેપ્ટન આયુષ બદોનીના અણનમ 115 રનની મદદથી પ્રથમ દિવસે 4 વિકેટે 381 રન બનાવ્યા હતા. હરિયાળી પિચ પર ગુજરાત તરફથી હર્ષલ પટેલ સૌથી સફળ બોલર રહ્યો હતો, જેણે 66 રન આપીને 2 વિકેટ ઝડપી હતી.

પ્રિયાંશ એક રન માટે બેવડી સદી ચુકી ગયો હતો પણ આખી ઈનિંગ્સ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું.

અન્ય મેચમાં, મોહમ્મદ શમી વગર રમી રહેલી બંગાળની ટીમ સર્વિસીસ સામે પ્રથમ ઈનિંગ્સમાં 184 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

### ગ્રુપ D: દેશપાંડેની 4 વિકેટથી મુંબઈ મજબૂત સ્થિતિમાં; તમિલનાડુ સામે ઉત્તરાખંડ 134માં ઓલઆઉટ

બિલાસપુર, તા. 18 (પીટીઆઈ): રણજી ટ્રોફીમાં ફાસ્ટ બોલર તુષાર દેશપાંડેની (4 વિકેટે 46 રન) શાનદાર બોલિંગની મદદથી મુંબઈએ હિમાચલ પ્રદેશને પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 140 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. પ્રથમ દિવસના અંતે મુંબઈએ મુશીર ખાનના અણનમ 34 અને કેપ્ટન સિદ્ધેશ લાડના અણનમ 32 રનની મદદથી 2 વિકેટે 107 રન બનાવી લીધા છે, જેથી તે પ્રથમ ઈનિંગ્સની સરસાઈથી માત્ર 33 રન દૂર છે.

બીજી તરફ ચેન્નાઈમાં, તમિલનાડુના બોલરો ગુરજપનીત સિંહ (4 વિકેટ) અને આર. સાઈ કિશોરની (4 વિકેટ) મદદથી ઉત્તરાખંડની ટીમને 134 રનમાં સમટી લીધી હતી.

## ભારતમાં ફોર્મ્યુલા 1 નું મોટું ફેનબેસ, રમત પરત આવવી જરૂરી: હૈકીનેન



મુંબઈ, તા. 18 (પીટીઆઈ): બે વખતના વર્લ્ડ ચેમ્પિયન અને F1ના દિગ્ગજ ડ્રાઈવર મીકા હૈકીનેને કહ્યું છે કે ભારતમાં ફોર્મ્યુલા 1નો મોટો પ્રશંસક વર્ગ છે, જે રમત માટે ભારતમાં પુનરાગમન કરવાનું એક મજબૂત કારણ પૂરું પાડે છે.

હૈકીનેને જણાવ્યું હતું કે ભારતમાં આવ્યા બાદ તેને અહીં ફોર્મ્યુલા-1ની લોકપ્રિયતાનો અંદાજ આવ્યો છે, અને ભારત સરકાર પણ આ રમતને પરત લાવવા પ્રયાસો કરી રહી છે. ભારતમાં 2011થી 2013 દરમિયાન આ રેસ યોજાઈ હતી. F1ના સત્તાવાર બ્રોડકાસ્ટર ફેનકોડ દ્વારા આયોજિત ઈન્ટરવ્યુમાં હેકીનેને ઉમેર્યું કે ભારતમાં રમતનો ફેનબેસ ખૂબ જ મોટો છે અને તેને પરત લાવવા અંગે ચર્ચા ચાલી રહી છે.

તેણે ઉમેર્યું, 'ભૂતકાળમાં F1માં બે ભારતીય ડ્રાઈવરો રહી ચૂક્યા છે, જે ભારતમાં રેસ યોજવા માટેનું કારણ વધુ મજબૂત કરે છે. કંપનીઓ માટે અહીં આવીને નેટવર્કિંગ અને બિઝનેસ વધારવાની આ ઉત્તમ તક છે. આ માત્ર પ્રચાર નથી પરંતુ એક સમગ્ર બિઝનેસ છે.'

હૈકીનેને ફોર્મ્યુલા-2 રેસર કુશ મૈની અંગે વાત કરતા જણાવ્યું કે, તે 100 ટકા ભારતનો ત્રીજો F1 ડ્રાઈવર બની શકે છે અને તેની પાસે ફોર્મ્યુલા 1માં પહોંચવાની ક્ષમતા છે.

## ગોમેઝનો હાફવે લાઈનથી અદ્ભુત ગોલ: ડેવિડ બેકહામની યાદ અપાવી

**પ્રીમિયર** લીગમાં બ્રાઈટનનો ક્રિસ્ટલ પેલેસ સામે 3-0થી વિજય



બ્રાઈટન, તા. 18 (એપી): પ્રીમિયર લીગની એક મેચમાં બ્રાઈટને તેની મુખ્ય હરીફ ક્રિસ્ટલ પેલેસને 3-0થી હરાવી હતી.

બ્રાઈટનના મિડફિલ્ડર ડિએગો ગોમેઝે શાનદાર પ્રદર્શન કરતા ગ્રાઉન્ડના મધ્ય ભાગ (હાફવે લાઈન) પાસેથી યાદગાર ગોલ નોંધાવ્યો હતો. મેચની સાતમી મિનિટે ગોમેઝે ગોલકીપર વોલ્ટર બેનિટેઝના માથા પરથી બોલને નેટમાં મોકલીને આ અદ્ભુત ગોલ કર્યો હતો.

પરાગ્વેના આ આંતરરાષ્ટ્રીય ખેલાડીના આ શાનદાર શોટે 1996-97ની પ્રીમિયર લીગ સિઝનમાં વિમ્બલ્ડન સામે માન્ચેસ્ટર યુનાઈટેડ તરફથી રમતા ડેવિડ બેકહામે કરેલા પ્રખ્યાત ગોલની યાદ તાજી કરાવી દીધી હતી. બેકહામનો તે ગોલ ઈંગ્લિશ ફૂટબોલના સૌથી યાદગાર ગોલ્સમાંથી એક ગણાય છે.

ગોમેઝના આ ગોલની મદદથી બ્રાઈટને તેની મુખ્ય હરીફ ટીમ સામે 2-0ની લીડ મેળવી લીધી હતી, જે બાદ આગામી ત્રણ મિનિટમાં સ્કોર 3-0 થઈ ગયો હતો.

### સુડોકુ ૭૨૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | | | | ૬ | | ૨ | |
| ૩ | | | | | | ૬ | ૫ | |
| | | | ૨ | | | | ૧ | ૯ |
| | | ૯ | ૬ | | ૮ | | ૩ | ૫ |
| | | | ૩ | ૨ | | | ૮ | |
| ૧ | | | ૫ | ૪ | | ૯ | | |
| ૨ | | ૫ | ૯ | ૮ | ૪ | ૧ | ૭ | ૩ |
| ૯ | ૧ | ૩ | | | | ૨ | ૪ | |
| ૮ | | ૪ | ૧ | ૩ | ૨ | ૫ | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**સ્નાયુઓની નબળાઇ**

રોજ સવારે અને સાંજે બે, બે ચમચી મેથીના ભૂકામાં ગોળ ભેળવી ખાવો. પાક બનાવી ભરી લો અને રોજ ચાર, ચાર ચમચી સવાર સાંજ ખાવ.

### શબ્દગુંફન - ૭૨૭૩

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૨. દાડમ (૩)
૪. ગુજરાન માટે કરવાનો કામ ધંધો (૪)
૬. યોગ્ય (૩)
૭. જમીન ખોદવાનું ઓજાર (૩)
૯. ઢગલો (૨)
૧૦. શબ્દ, બોલ (૩)
૧૨. લીલા રંગનું એક રત્ન (૩)
૧૪. સોના-ચાંદી ઉપર રંગીન કારીગરી (૪)
૧૬. રંગ, વર્ણ (૨)
૧૭. પવિત્ર, શીલવાન (૨)
૧૮. પરીક્ષા (૪)
૨૦. હેરાનગતિ (૪)
૨૨. નાણું (૨)
૨૪. એક સૂકો મેવો (૨)
૨૬. દાવાની જ્યોત (૨)
૨૭. અધીરાઈનું અકળાપણું (૪)
૨૯. અંકુશ (૩)
30. વ્યાજમુદ્દલ, લગામ (૨)
૩૧. રહેવાનું સ્થળ (૨)
૩૨. અનાથ બાળક (૩)
33. ચિંતન (૩)

**ઊભી ચાવી**
૧. તાલાવેલી (૪)
૨. મહેરબાની, માન, ભેટ (૪)
૩. વાલ (૨)
૪. શરીર ઉપરના વાળ (૨)
૫. એક રાતાં રંગનું કંદમૂળ (૩)
૮. ઊણપ, ઓછપ (3)
૧૦. કૂવાના પાણીથી કરેલો ઉનાળુ પાક (૨)
૧૧. બીક (૩)
૧૩. મોજું, તરંગ, લહેર (૩)
૧૪. એક રાશિ (૨)
૧૫. કાર્ય, વરો (૩)
૧૬. વાણી, બોલી (૨)
૧૭. જળ, નીર (૨)
૧૮. નાની ધજા (૩)
૧૯. ક્ષમા આપવા યોગ્ય (૨)
૨૦.પારકું, અન્ય (૨)
૨૧. મોટાની લાગવગ (૩)
૨૨. દુનિયા, વિશ્વ (૨)
૨૩. કલ્યાણ (૨)
૨૫. જબરદસ્તી (૩)
૨૬. કાળ, વખત (૩)
૨૭. તાબે, આધીન (૨)
૨૮. પવિત્ર, શુદ્ધ (૩)
30. "....તેરી ગંગા મેલી" એક ફિલ્મ (૨)



### આજનું પંચાંગ

**તા. 19/10/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ:આઠમ: 10:52- દુર્ગાષ્ટમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-27 **યોગ :**ધૃતિ
**કરણ:** બાવલ **નક્ષત્ર :** ઊ.ષા:- 15:39
**રાશી:** મકર (ખ,જ)
**દિવસ :** મિશ્ર- મહાષ્ટમી ઉપવાસ- સરસ્વતી વિસર્જન, 15:39 પછી ત્રિવેન્દ્રમ આર્ટ- કેરાલા
**સુરતમાં સૂર્યોદય :** 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:10
**નવકારસી :** 07:25
**પારસી વર્ષ :** 1395 ખોરદાદ માસનો 06 ઠો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાદીલ ઊલ અવલ માસનો 07મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ,
**રાહુ કાળ :** સવારે: 07:30 થી 09:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કાર્ય સ્થળ પર તમારી વાણી અને વ્યવહારથી ટીમવર્કમાં પ્રગતિ થાય. વેપારમાં આવક વધશે. નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** તમારા નવા વિચારોથી કાર્યસથળ પર પ્રભાવ વધશે. પરીવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. બૌદ્ધિક કાર્ય પાર પડે.

**મિથુન (ક,છ,ઘ,):** પોતાની યોજના ગુપ્ત રાખવી. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવુ. સરકારી કામમાં મદદ મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** કુટુંબ પરિવારની વાતોમાં સંયમ રાખવો. વેપાર-ધંધામાં આવક વધે. રોજની આવક વધે. નવા સંબંધો બને.

**સિંહ (મ,ટ,):** લેવડ-દેવડમાં સાવધાન રહેવુ. હરીફોથી હેરાનગતિ વધશે. આરોગ્ય બાબતે ચોક્કસ નિર્ણય લેવાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું જ્ઞાન મળે. પ્રેમમાં મદદ મળે. આવક વધશે.

**તુલા (ર,ત,):** નોકરી-ધંધાર્થે પ્રવાસ અનુકુળ રહે. નવા વાહનની યોજનામાં પરિવારનો સાથ મળે. આરોગ્ય સુધરશે.

**વૃશ્ચિક (ન,ય,):** ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાથી શાંતિ મળે. નવા વેપાર ધંધાની યોજનામાં મદદ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આવક વધે. નવા સામાજિક સંબધો બને. વાદ-વિવાદ ટાળવો.

**મકર (ખ,જ,):** હરીફાઈમાં સફળતા મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. સમાજમાં સાવધાની રાખવી. મન અશાંત રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉધાર લેવા-દેવાનું ટાળવું. તીર્થયાત્રા થાય. સમાજ જીવનમાં યશ મળે. બિનજરૂર ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે. સંતાનોની પ્રગતિ થાય. નવા રોકાણ થાય.

### કોઈ પણ સાલમાં 19 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી, હરીફો, દોડધામ અને જવાબદારી વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે. આરોગ્ય સામાન્ય રહે. વેપાર-ધંધા નોકરી વગેરેમાં ટેકનોલોજીનો ઉપયોગ વધે અને અનુકુળતા થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિદેશનો કામ ધીમાં પડે. વારસા, જાયદાત, જમીન જેવા કામ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સ્ત્રી વર્ગ માટે વર્ષ સામાન્ય રહે. નોકરીયાત મહિલાને પ્રમોશન મળી શકે છે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં રવિ-સોમવારે 01, 10,28 તારીખે નવા કામ કરવાં. સોનેરી, ભુરા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડીસેમ્બરમાં શુક્ર-શનિવારે, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્યના ઉપાય કરવા.